# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-01-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર હેમાંગિની સોનારા વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે ગુજરાતના સોમનાથની મુલાકાત લેશે.

2) ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને કહ્યું , ઓપરેશન સિંદૂર દરમિયાન NCCએ પ્રશંસનીય ભૂમિકા ભજવી

3) કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય પ્રાથમિક માનક સુવિધા અને રાષ્ટ્રીય પર્યાવરણીય માનક પ્રયોગશાળાનું ઉદ્ઘાટન કર્યું.

4) કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને નવી દિલ્હીમાં 'ખતબાત-એ-મોદી' પુસ્તકનું અનાવરણ કર્યું.

5) કર્ણાટકે 44મી જુનિયર રાષ્ટ્રીય ખો ખો ચેમ્પિયનશિપ-પુરુષનો ખિતાબ જીત્યો

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM - SOMNATH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે ગુજરાતના સોમનાથની મુલાકાત લેશે . અધિકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે સોમનાથ ખાતે વર્ષભરની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

સોમનાથ પરના પહેલા હુમલાને 2026માં એક હજાર વર્ષ પૂર્ણ થયા છે . ત્યારે 8 થી 11 જાન્યુઆરી દરમિયાન સોમનાથમાં અનેક આધ્યાત્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ યોજાશે.

. . . . . . .

# VP-NCC

ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને કહ્યું , ઓપરેશન સિંદૂર દરમિયાન રાષ્ટ્રીય કેડેટ કોર્પ્સ-NCCએ પ્રશંસનીય ભૂમિકા ભજવી. શ્રી રાધાકૃષ્ણને નવી દિલ્હીમાં NCC પ્રજાસત્તાક દિવસ પરેડ કેમ્પ 2026 ને સંબોધતા આ મુજબ જણાવ્યું હતું . ઓપરેશન સિંદૂરની સફળતા પર પ્રકાશ પાડતા શ્રી રાધાકૃષ્ણને કહ્યું , આ ઓપરેશન દેશના રાષ્ટ્રીય સન્માન , સાર્વભૌમત્વ અને લોકોના રક્ષણ માટે ના સંકલ્પને દર્શાવે છે.

તેમણે કહ્યું કે , NCC, તેના સૂત્ર એકતા અને શિસ્ત સાથે , જવાબદાર અને દેશભક્ત નાગરિકોની પેઢીઓને સતત ઉછેરતું રહ્યું છે . શ્રી રાધાકૃષ્ણને NCC કેડેટ્સને પર્વતારોહણ, સાહસિક પ્રવૃત્તિઓ, યુવા વિનિમય કાર્યક્રમો અને આપત્તિ રાહત પ્રયાસોમાં તેમની સિદ્ધિઓ બદલ અભિનંદન આપ્યા

.....

# JITENDRA SINGH - CSIR NPL

વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે આજે નવી દિલ્હીમાં વૈજ્ઞાનિક અને ઔધોગિક સંશોધન પરિષદ- રાષ્ટ્રીય ભૌતિક પ્રયોગશાળા CSIR-NPL ખાતે સોલાર સેલ માપાંકન માટે રાષ્ટ્રીય પ્રાથમિક માનક સુવિધા અને રાષ્ટ્રીય પર્યાવરણીય માનક પ્રયોગશાળાનું ઉદ્ઘાટન કર્યું.

CSIR-NPL ના 80મા સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે સંબોધન કરતા ડૉ. સિંહે જણાવ્યું, ભારત અમેરિકા, જર્મની, ચીન અને જાપાન પછી વિશ્વનો પાંચમો દેશ બન્યો છે, જ્યાં સોલાર સેલ માપાંકન માટે માનક સુવિધા છે.

(બાઈટ -- JITENDRA SINGH)

. . . . . . . .

# AMIT SHAH VISIT

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે તમિલનાડુના તિરુચિરાપલ્લી ખાતે પક્ષના કાર્યકરો સાથે પોંગલની ઉજવણી કરી . પ્રદેશ ભાજપ દ્વારા નમ્મા ઉરુ મોદી પોંગલ નામના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયું જેમાં હજારો મહિલાઓએ ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં ગૃહમંત્રીને પૂર્ણ કુંભ સન્માન આપવામાં આવ્યું હતું. ગૃહમંત્રીએ આજે સવારે સૂર્યને નમન કર્યું અને શ્રી રંગનાથ મંદિર અને ત્રિચી ખાતે અકીલનેશ્વરી અમ્માન મંદિરની મુલાકાત લીધી.

. . . .

# DHARMENDRA- PM BOOK

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આજે નવી દિલ્હીમાં ખતબાત -એ-મોદી નામના પુસ્તકનું અનાવરણ કર્યું . આ પ્રસંગે શ્રી પ્રધાને જણાવ્યું કે, આ પુસ્તક વર્ષ 2014 થી 2025 સુધીના પ્રધાનમંત્રી મોદીના સ્વતંત્રતા દિવસના ભાષણોનું સંકલન છે. તેમણે કહ્યું કે આ ભાષણો સબકા સાથ , સબકા વિકાસ ઔર સબકા પ્રયાસ અપનાવીને શ્રી મોદીની કાર્ય કરવાની રીતનું દસ્તાવેજીકરણ છે.

તેમણે ભાર મૂક્યો કે પુસ્તકમાં અંત્યોદય, સ્વચ્છ ભારત અને રાષ્ટ્રીય હિતને લગતા અસંખ્ય અન્ય મહત્વપૂર્ણ મુદ્દાઓનો પણ સમાવેશ થાય છે.

(બાઈટ – ધર્મેન્દ્ર પ્રધાન, કેન્દ્રીય મંત્રી)

. . . . .

# SHIVRAJ-G RAM G

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું, અગાઉની મનરેગા યોજનામાં પારદર્શિતા લાવવા માટે વિકસિત ભારત -રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ): વિકસિત ભારત-જી રામ જી કાયદો લાવવામાં આવ્યો છે.

આજે તમિલનાડુના ઇરોડ ખાતે ખેડૂતોને સંબોધતા શ્રી ચૌહાણે કહ્યું , લાભાર્થીઓ માટે યોજનાને 125 દિવસ સુધી લંબાવવામાં આવી છે. મંત્રીએ ખાતરી આપી હતી કે યોજના હેઠળ ચુકવણી સમયસર લાભાર્થીઓ સુધી પહોંચશે.

મંત્રીએ કહ્યું કે, જો લાભાર્થીઓને તેમના રોજગારના 15 દિવસની અંદર રકમ ચૂકવવામાં નહીં આવે તો કાયદા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરાશે. તેમણે કહ્યું કે ગ્રામીણ માળખાગત સુવિધાઓને મજબૂત બનાવાશે જેથી ખેડૂતોને લાભ મળતો રહે.

. . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . .

# VB G RAM G - SUBHASH

મહારાષ્ટ્રના લાતુર જિલ્લાના ઉદગીર તાલુકાની નાગલગાંવ ગ્રામ પંચાયતના સરપંચ સુભાષ મુન્ના રાઠોડ કહે છે કે વિકસિત ભારત રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) અધિનિયમ , 2025 ગામડાઓના વિકાસ માટે એક ઐતિહાસિક નિર્ણય છે. તેમણે ઉમેર્યું , આનાથી ગ્રામ પંચાયતોને વધુ સત્તા અને સંસાધનોમાં વધારો થશે.

. . . . .

# J&K-PRAGATI

જમ્મુ અને કાશ્મીરમાં, મુખ્ય સચિવ, અટલ દુલ્લુએ આજે સમગ્ર જમ્મુ અને કાશ્મીરમાં મુખ્ય વિકાસલક્ષી પ્રોજેક્ટ્સને ઝડપી બનાવવા માટે સક્રિય શાસન અને સમયસર અમલીકરણ- પ્રગતિ પ્લેટફોર્મની પરિવર્તનકારી અસર પર પ્રકાશ પાડ્યો, અને કહ્યું કે તે લાંબા સમયથી પડતર મુદ્દાઓને ઉકેલવા અને મોટી પહેલના સમયસર અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે એક શક્તિશાળી સાધન તરીકે ઉભરી આવ્યું છે.

એક પત્રકાર પરિષદને સંબોધતા, મુખ્ય સચિવે પ્રગતિ @50 ના મહત્વ પર ભાર મૂક્યો, તેમણે નોંધ્યું કે ટેકનોલોજી-સંચાલિત શાસન પદ્ધતિએ આંતર-વિભાગીય અવરોધો અને પ્રક્રિયાગત વિલંબને કારણે દાયકાઓથી અટકેલા ઘણા પ્રોજેક્ટ્સને સફળતાપૂર્વક ખોલ્યા છે.

. . .

# VAISHNAW - ELECTRONICS PRODUCTION

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું , છેલ્લા 11 વર્ષમાં દેશમાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદન છ ગણું વધ્યું છે અને નિકાસ આઠ ગણી વધી છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં , શ્રી વૈષ્ણવે કહ્યું , એપલે 2025 માં 50 બિલિયન યુએસ ડોલરના મોબાઇલ ફોન મોકલ્યા. તેમણે કહ્યું કે , આ પ્રગતિએ ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનોને ટોચની ત્રણ નિકાસ વસ્તુઓમાં સ્થાન આપ્યું છે.

મંત્રીએ જણાવ્યું કે , 46 કમ્પોનન્ટ ઉત્પાદન પ્રોજેક્ટ્સ , લેપટોપ, સર્વર અને ઉત્પાદકો, ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનને ઉત્પાદન અર્થતંત્રના મુખ્ય ચાલક બનાવી રહ્યા છે. તેમણે કહ્યું કે, ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ આ વર્ષે વ્યાપારી ઉત્પાદન શરૂ કરશે. શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગમાં કુલ નોકરીઓ હવે 25 લાખ છે જેમાં ઘણી ફેક્ટરીઓ એક જ સ્થાને પાંચ હજારથી વધુ કર્મચારીઓને રોજગારી આપે છે.

. . . . . .

# JAISHANKAR - PARIS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજે ફ્રાન્સ પહોંચ્યા છે . સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું, તેમણે પેરિસમાં ભારત અને ફ્રાન્સ વચ્ચેના પ્રદર્શન 'સે ક્વિ સે ટ્રેમ' - ની મુલાકાત લીધી હતી.

તેમણે કહ્યું કે , આ પ્રદર્શન ભારતના કાપડ વારસા અને સર્જનાત્મકતાનું પ્રદર્શન કરે છે અને બંને દેશો વચ્ચેના મજબૂત સાંસ્કૃતિક જોડાણની યાદ અપાવે છે. તેમની મુલાકાત દરમિયાન, ડૉ. જયશંકર પેરિસમાં ફ્રેન્ચ નેતૃત્વને મળશે અને તેમના સમકક્ષ જીન નોએલ બેરોટ સાથે વાતચીત કરશે.

ડૉ. જયશંકર ફ્રે ન્ચ રાજદૂતોના પરિષદના 31મા સંસ્કરણને સન્માનિત મહેમાન તરીકે પણ સંબોધિત કરશે.

. . . . . . . .

# 44th JR. NATIONAL KHO KHO CHAMPIONSHIP

કર્ણાટકે 44મી જુનિયર રાષ્ટ્રીય ખો ખો ચેમ્પિયનશિપ-પુરુષનો ખિતાબ જીત્યો, જેમાં ફાઇનલમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન મહારાષ્ટ્ર પર 35-30 થી રોમાંચક વિજય મેળવ્યો. છોકરીઓના વર્ગમાં , મહારાષ્ટ્રે ગઈકાલે બેંગલુરુ ખાતે રમાયેલી ફાઇનલમાં ઓડિશાને 34-33થી હરાવીને પોતાનો ખિતાબ બચાવ્યો.

સ્નેહા લામકાને છોકરીઓના વર્ગમાં શ્રેષ્ઠ ખેલાડી તરીકે જાનકી એવોર્ડ જીત્યો, જ્યારે બી. વિજયને છોકરાઓના વર્ગમાં શ્રેષ્ઠ ખેલાડી તરીકે વીર અભિમન્યુ એવોર્ડ મળ્યો. આ સ્પર્ધા 31 ડિસેમ્બરથી 4 જાન્યુઆરી દરમિયાન બેંગલુરુના ગુંજુર સ્થિત અટલ બિહારી વાજપેયી સ્ટેડિયમ ખાતે યોજાઈ.

. . . . . .

# JAL SHAKTI - NAMAMI GANGE

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં આજે નવી દિલ્હીમાં સશક્ત કાર્ય દળની 17મી બેઠક યોજાઈ. આ બેઠકમાં નમામી ગંગે કાર્યક્રમ હેઠળ માહિતી-આધારિત નિર્ણય લેવા, દેખરેખ પદ્ધતિઓ અને પાલન માળખાને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરાયું , જેમાં ડ્રેનેજ મેપિંગ અને ગટર શુદ્ધિકરણ માળખાની દેખરેખમાં વધારો કરવા પર ખાસ ભાર મુકાયો.

શ્રી પાટીલે ચાલુ વર્ષ દરમિયાન પ્રદૂષણ ઘટાડા માટેના 15 માળખાગત પ્રોજેક્ટ્સ પૂર્ણ થવાની પ્રશંસા કરી , તેને ગંગા પુનરુત્થાન માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાવી. તેમણે તમામ રાજ્યોને રાષ્ટ્રીય માળખા અનુસાર શુદ્ધ પાણીના સુરક્ષિત પુનઃઉપયોગ માટેની નીતિ ઝડપથી પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો.

. .